॥ श्रियैनमः ॥

॥ श्रीदामोदरो जयति ॥

॥ श्रीमते रामानुजाय नमः ॥

શ્રીસમ્પ્રદાય પરિચર્યા.

શ્રીસંપ્રદાયનો ઉત્કર્ષ એટલે શું?—જુઓ તે એ કે આ સંપ્રદાયને પ્રથમ શ્રી શબ્દ લાગુ છે. શ્રી શબ્દ પોતે એવોછે કે જેના નામની પહેલે ન લગાડીએ તો તે પોતાનો તિરસ્કાર સમઝશે. ખાસ કારણ એ છે કે આ સંપ્રદાય સાક્ષાત્ સર્વેશ્વરનાં જે પરમ પ્રિય મહીષી શ્રીજી છે તેમણે પોતે પ્રવર્ત્તાવ્યો છે. આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ કે પોતાના પ્રિયનો પદાર્થ પોતાને પણ પ્રિય લાગે છે. એટલે આ સંપ્રદાય ખુદ સર્વેશ્વરને પણ પ્રિય લાગે છે. આ પ્રમાણે આ સંપ્રદાય સર્વેશ્વરને પણ પ્રિય છે યદ્યપિ શ્રી બ્રહ્મ રુદ્ર અને સનક આ ચારે સંપ્રદાય વિષ્ણુનાજ છે. માટેજ તે વૈષ્ણવ સંપ્રદાય કહેવાય છે, અને તે સર્વે પ્રભુના પ્રિય છે. અને તે બધાએ પરમ ગતિને દેનારા છે તથાપિ પત્ની અને પરિજન ભાવના તારતમ્યથીજ તેમાં કંઇ તારતમ્ય છે. આ સંપ્રદાય સર્વેશ્વરની પત્નીનો છે, જ્યારે બીજા ત્રણ વૈષ્ણવ સંપ્રદાયો પરિજનોના છે. તેથી તે સંપ્રદાયો પ્રભુના પ્રિય અને પ્રિયત્તર છે અને આ શ્રીસંપ્રદાય પ્રભુનો પ્રિયતમ છે, એમ કહેવામાં કાંઈ પણ અતિશયોક્તિ નથી.

કદાપિ એમ શંકા આવે કે વૈષ્ણવ સંપ્રદાયોના અનુગામી થવામાં પ્રયોજન શું? તેનો ઉત્તર એ છે કે જે કંઈ પ્રયોજન અપેક્ષિત હો તે સર્વ કાંઈ તેમાં છે. શાસ્ત્ર કહે છે કે નિષ્કામ હો વા સર્વકામનાવાળા હો—વિષ્ણુ ભક્તિ કરવાથી સકલ પ્રયોજન સિદ્ધ થાય છે. પરંતુ પરમ પ્રયોજન તો અનાદિકાલથી લાગુ પડેલા સંસારમાં જન્મજરા મરણાદિ ક્લેશોની અત્યન્ત નિવૃત્તિપૂર્વક સર્વદેશ સર્વકાલ સર્વઅવસ્થામાં નિત્ય નિરવધિ મહાન્ આનંદની પ્રાપ્તિ છે. આ આહવા મહાન આનંદની પ્રાપ્તિ પ્રભુનાં ચરણકમલની પ્રાપ્તિ વિના દુર્લભ છે. આજ કારણથી પ્રભુનાં ચરણકમલની પ્રાપ્તિ ઉક્ત અગણિત આનંદની પ્રાપ્તિ કરવાની ઇચ્છાવાળા મુમુક્ષુજનોને પરમ આવશ્યક છે. કારણ કે વૈષ્ણવજન ભગવાનનાં ચરણોની પ્રાપ્તિનેજ મોક્ષ કહે છે. તે વિષે શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધમાં વચન છે કે—

" स वै महाभागवतः परीक्षिद्येनापवर्गाख्यमदभ्रबुद्धिः ॥
ज्ञानेन वैयासकिशब्दितेन भेजेखगेन्द्र ध्वजपाद मूलम् ॥

મહારાજા પરિક્ષિત્ શ્રીશુકદેવજીના ઉપદેશથી અપવર્ગ અર્થાત્ જેનું નામ મોક્ષ એવા ગરૂડધ્વજનાં ચરણકમલને પ્રાપ્ત થયા. આ કથનથી એ સિદ્ધ થાય છે કે વૈષ્ણવ સંપ્રદાયી થવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે, અર્થાત ભગવાનની પ્રાપ્તિ થાય છે, શ્રીગીતાજીમા સ્વય પ્રભુ શ્રીમુખથી કહે છે કે—**"देवान्देव यजो यान्ति मद्भक्ता यान्ति मामपि"** દેવોને પુજવાવાળા તે દેવોને પ્રાપ્ત થાય છે. અને મ્હારૂ યજન—પૂજન કરનારા મને પ્રાપ્ત થાય છે. હવે કહો જોઇએ કે એ રીતે આપણા ભગવાનને આપણે પ્રાપ્ત થઇ ચૂક્યા ત્યારે તે નિત્ય નિરવધિ મહાન આનન્દની પ્રાપ્તિમા શુ સન્દેહ ક્યાં રહ્યો?

વળી એમ શકા થાય કે પ્રભુની ભક્તિથીજ સર્વ પુરૂષાર્થોની પ્રાપ્તિ થાય છે તો વૈષ્ણવ સપ્રદાયોમાં કેમ જાવુ? તેનો ઉત્તર આપીએ. કે ચન્દ્રોદય માત્રા તૈયાર કરવાની હોય ત્યારે ઘાસ લાકડા વેચનારા કે કાછીઆની દુકાને જતા નથી. તેલી તંબોલી કે સુથાર કુભાર પાસે પણ જતા નથી—પણ માત્ર વૈદ્યરાજને ઘેર કેમ જઇએ છીએ? અને તેમની શિક્ષા કેમ લઇયે છીએ? વૈદ્યક ગ્રથ માત્ર જોવાથીજ જેમ ગુરૂદ્વારા શિક્ષા સમજ્યા—સપાદન કર્યા વગર—ચન્દ્રોદય બનતો નથી—તેજ પ્રકારે પરમાત્માની ભક્તિ કરવાના લેખ—જૂદા જૂદા પૂરાણ—નિગમ—આગમમા લખેલા છે તો પણ સાંપ્રદાયિક ગુરુ કર્યા વગર—ભક્તિ કરતા શીખાતું નથી. માટેજ મુમુક્ષુ જનોને તો વૈષ્ણવ સપ્રદાયના અનુયાયી થવાની પરમ આવશ્યકતા છે. કારણ એમ છે કે શ્રી ઐશ્વર્ય પ્રજાની કામનાવાળા રજોગુણી તમોગુણી લોકોને તો પોતાના જેવાજ શીલવાળા રજોગુણી તમોગુણી દેવતાઓને ભજવાથી ફળ મળે છે. પરન્તુ સાત્વિક મુમુક્ષુઓને તો દેવતાન્તરના ત્યાગપૂર્વક નારાયણના જે રામ કૃષ્ણાદિ અવતાર છે તેમનુંજ ભજન યોગ્ય છે. એમ શ્રીમદ્ ભાગવત પ્રથમ સ્કધ કહ્યું છે.

હવે જો આપલોક એમ શકા કરો કે વૈષ્ણવ સમ્પ્રદાયમાં પ્રવેશ માત્ર કરવાથી શુ મુક્તિ છે? શુ મુક્તિ થાય છે? વા કંઈ કર્તવ્ય રહે છે? એના ઉત્તરમાં કહેવું પડે છે કે ઇસાઈ આદિ કોઇપણ મતમા પ્રવેશ કરી જુઓ. પરતુ કંઇ કર્મ કર્યા વગર ભોજન વસ્ત્ર પણ મળતાં નથી. પછી પરમ દુર્લભ મુક્તિ વિષે તો શુ પુછવું? હાં અવશ્ય એટલું તારતમ્ય છે કે

સ્વપ્રયત્નથી લક્ષાવધિ જન્મ પર્યંત પણ તે મુક્તિ દુઃસાધ્યજ રહેનારી છે તે વૈષ્ણવસમ્પ્રદાયમાં પ્રવેશ કર્યાથી આસ્તિક અને શ્રદ્ધાભક્તિ પુરઃસર કટિબદ્ધ થઇને તત્પર બન્યાથી એકજ જન્મમાં તે સુસાધ્ય થઇ જાય છે. જે ચંદ્રોદય મનમુખી ક્રિયાઓથી અનેક વર્ષોપર્યંત બની શકતો નથી તેજ તેના સમ્પ્રદાય ગુરૂદ્વારા એકજ સમય વિધિ ક્રીયા બનાવટ જોઇ લેવાથી બની જવા લાગે છે. ગુરૂકૃપાનો આશ્રય ન લેનારની સુકાની વગરના વહાણવટી વણિકનું દૃષ્ટાંત દેઇને શ્રુતિ પણ નિન્દા કરે છે.

જેની શિફારસ પરમાત્મા પાસે ચાલી શકે એવા પુરૂષ ગુરૂ થવાને યોગ્ય છે. શિફારસે તેનીજ ચાલી શકે છે કે જે પરમપ્રિય હોય છે. શ્રી બ્રહ્મા રૂદ્ર સનકાદિ પ્રભુની સેવા કરીને તેમને પ્રસન્ન કરીને તે પ્રભુના પરમ પ્રિય બન્યા છે. એજ કારણે તેઓ અમારો વસીલો બની શકે છે અને તેમના વડે અમે વસીલેદાર થઇ શકીએ છીએ, અને તેમના દ્વારા પ્રભુ દરબારમાં અમારી સુનવાઇ થઇ શકે છે. અને અમને ઇષ્ટ ફળ પ્રાપ્ત થાય છે. હવે આ સર્વમાં સેવા કોની અધિક છે? તે સ્વય આપ જાણી શકો છો કે પ્રભુની સ્વાભાવિક સેવાના યોગથી જેમનુ નામ શ્રી એ રીતે પ્રસિદ્ધ છે. પછી એમનાથી અધિક સેવા કોની હોઇ શકે છે? વળી એ પણ વિચારી જોશો કે માતાના પોતાના પુત્ર પ્રત્યેના વાત્સલ્યની બરોબરી કરી શકે એવું બીજા કોઇનુ વાત્સલ્ય હોઇ શકે છે? તેથીજ વિષ્ણુપુરાણે તેને પુકારીને બોલાવે છે કે "**त्वं माता सर्वलोकानां देवदेवो हरिःपिता**" તું સર્વ લોકોની માતા છે અને દેવોના દેવ શ્રીહરિ પિતા છે એટલે કહો જોઇએ કે પિતાનો શુ અધિકાર છે? કે માતા જે પુત્રનું પ્રિય કરવાને ચાહે તેનું તે પિતા ન કરે? ગમેતેવો કઠોર અપરાધી કેમ ન હોય? એકવાર શ્રીજીની સન્મુખ કરૂણાપૂર્વક હાથજોડથી દ્રવિત ચિત્ત થઇને ગદ્‌ગદ્ કંઠથી સ્વાપરાધો આર્ પ્રશ્ચાતાપ કરતો થકો ક્ષમા માગે તો અવશ્યમેવ તે ચેતન ઉપર શ્રીજીનો અનુગ્રહ થાય છે કારણ "**अनुग्रहमयीं वंदे नित्यमज्ञात निग्रहाम्**" આપ અનુગ્રહમયી છો અને કદાપિ પણ નિગ્રહ કરવાનુ જાણતાંજ નથી. સ્તુતિમાજ આ વર્ણન છે. આમ છે એટલે અનુગ્રહ છોડીને નિગ્રહ કરેજ કેમ? તોપછી ખાસ પોતાનાજ સમ્પ્રદાયનું અવલંબન કરનારા છે તેમના પ્રત્યે પોતાની કૃપાનો પ્રવાહ એતો કૈમુત્યન્યાય સિદ્ધ છેજ.

લોકમાં પણ એ વાત પ્રસિદ્ધ છે કે જે મનુષ્ય કોઇ મહાપુરૂષની સદા સેવા ચાકરી કરીને પણ કઇ તેનો બદલો ચહાતો નથી તેના ઉપર તે મહા-

પુરૂષનો કેટલો પ્રેમ વધે છે! અને તે તે સેવકના સદા ઋણી જેવા થઇને એજ ચાહના રાખે છે કે આ સેવક કોઇપણ સ્વકાર્ય અમને બતાવે તો ગમે તેમ તે કરી દઇને તેને સંતોષ આપીએ. આ પ્રકારે જગન્માતા અમારી પણ માતા—શ્રીજી પ્રભુથી બીજું કંઇ નહિ ચહાતાં સદા સર્વદા પ્રભુની સર્વાવ-સ્થાઓમાં અને સર્વે અવતારોમાં સદા પ્રભુની સાથેની સાથે રહીને સેવામાં તત્પર રહે છે. શ્રીવિષ્ણુ પુરાણમાં **देवत्वे देवदेहेयं मानुषत्वेच मानुषी** " ઇત્યાદિથી એજ કહ્યું છે કે-પ્રભુ દેવ તો શ્રીજી દેવી, મનુષ્યાવતારે પોતે પણ માનુષીરાઘવ પ્રભુ થયા તો પોતે સીતા, અને કૃષ્ણ સાથે રૂકિમણી થઇને સેવા કરે છે. આ વિષે કેટલું ક્યાં સુધી કહી શકાય. જ્યારે પ્રભુ પોતે નારાયણાશ્રમમાં ઋષિ બની તપ કરવાને બેઠા ત્યારે પોતે શ્રીજી બદરી વૃક્ષ બની છાયા કરી. પ્રભુનું કૈંકર્ય—સેવા—સેવા ને સેવાજ.

આ પ્રકારે અમ્હારાં શ્રીજી માતાની **પ્રભુ**ની સર્વ દેશ સર્વકાલ સર્વા-વસ્થામાં સેવામાં ન્યુનતા આવતી નથી. એ રીતે પ્રભુના સદા સેવનમાં તત્પર શ્રીજી જે છે તે શ્રીજીથી અધિક પ્રભુનાં પ્રેમાસ્પદ બીજુ—બીજું—કોણ કોઈ હોઈ શકે? એહવાં શ્રીજીના સંપ્રદાયમાં આવીને શ્રીજીનાં કૃપાકાંક્ષી થઇને પછી પણ આ ચેતન યુગલ (જુગલ) સેવાનો શું અભાગી રહી શકે છે કે? કદાપિ નહિ.

ઠીક, હવે અત્ર એ નિર્ણયની આવશ્યકતા છે કે-પોતાના, શ્રીસંપ્રદાયા-નુયાયી જનોને વાસ્તે શ્રીજીએ પ્રભુની પ્રાપ્તિનો કયો શું ઉપાય બતાવ્યો છે?

કારણકે શાસ્ત્રમાં તો કર્મ જ્ઞાન ભક્તિ એ ત્રણજ ઉપાય પ્રસિદ્ધ છે. તેમાં કર્મયોગ આને કહે છે કે—સન્ધ્યા વંદનાદિ નિત્ય નૈમિત્તિક કર્માનુષ્ઠાન પૂર્વક વ્રતાદિકોનું આચરણ કરવાથી શરીરને કૃશ કરીને પાપોનો નાશ થયેથી ઇન્દ્રિયોદ્વારા પ્રસરણ પામનાર જ્ઞાનને શબ્દાદિ વિષયોથી વિમુખ રાખીને યમ નિયમાદિ અષ્ટાંગ યોગ બળથી તેજ જ્ઞાનને આત્મ વિષયમાં લગાવવુ.

"જ્ઞાનયોગ"—એ છે કે આ આત્મવિષય જ્ઞાનને હૃદય અથવા આદિત્ય મંડલ આદિમાં વિરાજમાન પરમાત્મામાં લગાવી દઇને તે પરમાત્મા ના શંખ ચક્રાદિક દિવ્ય આયુધ કિરીટ નૂપુરાદિ દિવ્ય ભૂષણ અને પિત્તામ્બર યજ્ઞ સૂત્રાદિથી અલંકૃત લક્ષ્મી સમેત મંગળ વિગ્રહનો અનુભવ કરતાં તે અનુભવનો નિત્યાભ્યાસ ક્રમથી વધારતાં વધારતા સદા કાયમ રહેવાને યોગ્ય સ્થિર કરવો.

અને "ભક્તિયોગ"—એ છે કે તેલની ધારા પેઠે તે અત્રુટક ભગવદનુભવને અત્યંત પ્રીતિરસરૂપ એવો બનાવી લેવો કે તેના વિના ક્ષણ પણ કલ્પસમાન જણાવા લાગે.

બસ. શાસ્ત્રમાં પ્રસિદ્ધ મુક્તિના ઉપાય આ ત્રણ છે. પરન્તુ અમારાં અખીલ જનની શ્રીમહાલક્ષ્મીજીએ સ્વસંપ્રદાયીક જનોની સુલભતાસારૂ ઇન્દ્રને ઉપદેશદ્વારા પ્રપત્તિની પ્રધાનતા બતાવી છે. તે પંચરાત્ર લક્ષ્મી તન્ત્ર સંહિતામાં અષ્ટાદશ અધ્યાયમાં પ્રપત્તિના સ્વરૂપાદિકનો મહા વિસ્તારથી ઇન્દ્ર પ્રત્યે સ્વયં શ્રીજીએ ઉપદેશ કર્યો છે. તે ઉપદેશને હૃદયમાં સ્થિર કરે તો અન્ય શાસ્ત્રોમાં પણ પ્રપત્તિનું પ્રતિપાદન મળી આવે છે. તે જોયા વગર સર્વત્ર કર્મ જ્ઞાન ભક્તિ એ ત્રણ તો નજરે આવે છેજ. પરંતુ વસ્તુતઃ વિચાર કરશો તો માયા તરવા માટે તો કેવલ ભગવાનની પ્રપત્તિ સિવાય બીજો કોઇ ઉપાય નથીજ. જુઓ શ્રીગીતામાં પણ શ્રીભગવાન્ એજ આજ્ઞા કરે છે કે—

" दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥"

ત્રિગુણમયી મ્હારી આ માયા બડી દુસ્તર છે. પરન્તુ જેઓ માત્ર મને શરણાગત થાય છે તે આ માયાને તરી જાય છે. એટલુંજ માત્ર નહિ પણ જેઓ પોતાને શરણાગત નથી થતા તેમને જોઇને પોતે અનુતાપપૂર્વક કહે છે કે—

" न मां दुष्कृतिनो मूढाः प्रपद्यन्ते नराधमाः ।
माययाऽपहृतज्ञाना आसुरं भावमाश्रिताः ॥"

હું કેમ કરૂ? માયાથી જેનું જ્ઞાન હરાઈ ગયુ એવા આસુરી ભાવવાળા દુષ્કૃતિ મૂઢ નરાઽધમ મને શરણ નથી આવતા. પછી તેમને કયા નિમિત્ત તારૂં?

આ પ્રકારે આ પ્રપત્તિ પરમાત્માને પણ અભિમતછે. પરંતુ હવે વિચાર કરીએ કે આ પ્રપત્તિનો અધિકારી કોણ હોઇ શકે? જે એમ વિચારે કે હું કોણ? ક્યાંથી આવ્યો છું? ક્યાં જવુ થશે? મ્હારે ક્યાં પહોંચવુ જોઇએ? અને ઠેકાણે પડવાને, પહોંચવાને, મ્હારે જે કરવાનું તે શુ કરવું જોઇએ? જો કદી તત્પર થઇને આવા વિચારો કર્યા કરે તો વિના ભણ્યે પણ જ્ઞાનિઓના સત્સંગથી કોઇ કાળે સંસારને દુઃખમયજ જોઈ પડે અનુભવી, ને એ

અનિવાર્ય દુખોથી તો છૂટવા માટેજ સંસારનાં તુચ્છ સુખો ઉપરથી આસક્તિ સંકેલી વૈરાગ્યધારીને ચેતન અવશ્ય મુમુક્ષુ થાય. ત્યારે તેજ ચેતન તેજ પ્રપત્તિનો અધિકારી પણ થશે.

તેનો પ્રકાર આ છે–કે જ્યારે તે ચેતન વીતી અવસ્થાને વ્યર્થ ગુમાવેલી જોય છે અને કોઇ કાળે. તો કફ વાતાદિક ન્યૂનાધિક થઇ ગયાથી જ્વર પ્લીહા કાસ શ્વાસ યક્ષ્માદિ રોગોના દુઃખોથી—કભી–સ્વશરીરે રહેનારા કામ ક્રોધાદિક શત્રુવશ કાઇ પ્રકારના મહાન્ અનર્થને પ્રાપ્ત કરીને તેના શોકને લીધે–કદાચ–બન્ધુ વર્ગ વા શત્રુપક્ષથી મર્મચ્છેદી દુર્વચનોદ્વારા ભયંકર વિદ્રોહજન્ય કષ્ટથી, એ પ્રકારે આધ્યાત્મિક આધિ ભૌતિક આધિ દૈવિક ત્રિવિધિના તીવ્ર તાપથી તપતા વ્યથા પામતા વન દાવાગ્નિમા ચોતરફની અગ્નિ મધ્યમા ઘેરાએલા મૃગનીતરાહ કે પક્ષહીન પક્ષી ફાંસા ફંદામાં ફસાતા આકળવ્યાકુળ થાય તેની તશહ–કર્મફંદ–ફાસામા ફસ્યો હુઓ ચેતન આગામી જન્મોમા પણ છૂટવાનો ઉપાય છૂટકબારી ન દેખવાથી, નહિ કરવા યોગ્ય ભારે બીભત્સ કૃત કર્મ અને નિશદિન જે કર્મ કર્યા જાય છે તે કર્મ, એવાં કુકર્મોનો પરિચય–સ્મરણ થતા અતિલજ્જા અને ખેદ પામતો હુ મહા નીચ છઉ અને એટલી હદે બગડી ચૂકયો કે હવે ગમે તે પ્રકારની શીક્ષાથી પણ સુધરનાર નહીં અને કોઇ પ્રકારે સ્વયત્નથી ન છૂટે ન ધોવાય એવા પાપોનો ભડાર છઉ. એ રીતે પોતાને કહો કે પોતાના આત્માને અવગુણોની ખાણ સમઝવા લાગીને, જેમ બને બાજુથી સળગતા પોલા કાષ્ટમા રહેલા કીડાની જે દશા થાય છે તે તડફડતા કીડા પેઠે જન્મ ને મરણ તે બેઉ દુખના મધ્યમાં રહેતો ભમતો થકો ને તે દુખથી મુક્ત થવા–નીકળવાનો માર્ગ ન જડયાથી વિહ્વલ થતો ખેદ પામતો આ દશાનો વિચાર કરીને આ દુખની નિવૃત્તિપૂર્વક પોતાનુ પ્રિય અને હિત કરી લેવા વાસ્તે તેણે પ્રથમ આમ ચિંતવન કરવુ —

"અહો ! જુઓતો સહી ! હું કેવો વિચિત્ર ચક્રે ચઢયો છઉ. આ દૃઢકર્મરૂપ રસ્સાઓથી બદ્ધ. કદી જંગમ, કદી સ્થાવર બનેલો–બનતો–કાળની બેચમતાણમા–વમળમા–પડયો છઉં. કેટલા અસખ્ય જન્મ મારે નિષ્ફળ ગયા ? જેમાં ગોવિન્દ ચરણાર્વિંદનુ મેં આરાધને નથી કર્યું, કોઇ સત્કર્મે ભગવદર્થે નહિ, ન જ્ઞાનસુધા ન ભક્તિરસ સ્વાદ ચાખ્યો; અનંત સંસારસાગર તરવાને ન કોઇ ઉપાયે હજુ તો હાથ લાગ્યો. શ્રુતિ સ્મૃતિઓમાં કહેલ વર્ણાશ્રમના આચારો ત્યાગ્યાથી વૈદિક માર્ગથી સદા ભ્રષ્ટ રહ્યો, ન વૃદ્ધની

ઉપાસના બની, ન સત્પુરૂષનો સંગ કર્યો, ન ગુરૂજનોની સેવા બની. સ્વકર્માનુગુણ દેવ મનુષ્ય પશુ આદિનાં શરીર મળ્યાં, તેમાંજ આત્મબુદ્ધિ કરી સુખજ બન્યું રહે. દુઃખ ન આવે એ ચાહત ને તે આવેલ દુઃખોને કહાડવાને ઉપાય કરતો રહ્યો પણ મ્હારા આત્માના યથાર્થ જ્ઞાનથી થનારા સાચા આનંદનો ભોગી કદી ન થયો ! પશુનીજ પેઠે પ્રાકૃત વિષયોના ભોગોને સુખ માનીને કાળ વીતાડયો. ભગવત્સમ્બન્ધી કર્મ જ્ઞાન કે ભક્તિમાં તે ત્રણમાંથી કોઇમાં પણ નીકા ન રહી. ભક્તિહીન રહ્યાથી ભગવાનના અર્ચનાદિ ક્રિયા કરવાની તો વાતે કેવી ! ધુમ્રમય અગ્ની શિખા માફકજ અવિદ્યારૂપ પુણ્ય પાપ કર્મોથી આ જીવના જ્ઞાનને આવરણ કરીને નિરતિશય જ્ઞાનાનંદરૂપ પરમાત્માના સ્વરૂપને પોતાના ગુણોથી ઢાંકીને પોતામાં લીન અનંત જીવોનાં કરેલાં કર્મોને અનુરૂપ વિચિત્ર પરિજન (પરિચ્છદ) નાના વિધ ઉપકરણરૂપ પરિણામને પામનારી, તથા પ્રપત્તિરહિત જનોથી દુસ્તર, ત્રિગુણમયી પ્રકૃતિ નામવાળી,–ભગવાનની–માયા મહેશ્વરની માયાથી ચળી–મોહત થઇને તેમાંજ અતિ આનંદ માનીને મૂકસ્વપ્ન પેઠે સ્વહીતને ન જાણતાં અનેક જન્મ ગુમાવ્યા ! તેમાં કેટલીએ વાર વિના સહાય યમદૂતોદ્વારા યમરાજની યાતનાઓ પણ નાના પ્રકારે ભોગવી ! !

આ દશાઓ તો ગત જન્મની કહી પણ વર્તમાન જન્મમાં પણ આટલાં બધાં વર્ષ ક્ષણ પેઠે વહી ગયાં, ને બન્યુ કાંઈ નહિ. વિવેકદ્રષ્ટીથી જોતાં ન કોઇ સુખ ભોગવ્યું, ન કઇક ઉદ્ધારે પાપોથી બની આવ્યો; ન શ્રીહરિ ચરણોનીજ સેવાએ બની. જોતજોત.માં આટલો સમય ચાલ્યો ગયો. હવે કેમ કરવાનો ? કોને પગે પડું ? કોને મ્હારી દુર્દશા કહું ?– આ પ્રકારે અત્યન્ત ખેદયુક્ત ચેતન વિચાર કરે કે બસ હવેતો જે થનાર થઇ ચૂક્યુ. હવેતો જેટલુ જીવુ ત્યાં સુધી કેવલ શ્રીહરિની શરણાગતિ કરીને તેમનાં શ્રી ચરણકમળનુ અર્ચન કરવાનો સાવધાન યત્ન કરૂ.

પ્રાતઃકાળે શ્રીહરિને અભિમુખ થાઉં; બીજા કાળમાં અર્ચન સામગ્રી સંગ્રહ કરૂ; તૃતીય કાળમાં અર્ચન કરૂ, ચોથા કાળમાં મન્ત્ર જાપ કર્યા કરૂં; ને પાંચમા કાળમા પ્રભુનુ ધ્યાન કરતો હુવો ઉક્ત પ્રકારે પંચકાળ પરાયણ બનીને મ્હારી જાતેજ સામગ્રી સંપાદન કરી સ્વશક્તિ અનુસાર શુભ ગન્ધ પુષ્પાદિકોથી શ્રીહરિનું આરાધન કરતો હુવો દિવસો નિર્ગમન કરીશ. ”

એ પ્રમાણે ચિત્ત લગાવી દેઇને જેને આટલો વિચાર આવ્યા કરશે તે મુમુક્ષુ થઇ. શકે છે. અને તેજ ભગવાનની શરણાગતિ અર્થાત્ પ્રપત્તિનો અધિકારી પણ હોઇ–થઇ શકે છે.

આ પ્રપત્તિ તે શું છે? એ સંક્ષેપે કહીએ કે—

" अनन्यसाध्ये स्वाभीष्टे महाविश्वासपूर्वकम् ।
तदेकोपायतायाच्ञा प्रपत्तिः शरणागतिः ॥ "

અન્ય ઉપાયોથી જે સાધ્ય ન થાય એવા પોતાના અભીષ્ટમા મહા વિશ્વાસપૂર્વક જે તેનેજ એકજ ઉપાય માનીને યાચના કરવી. તેનુ નામ "પ્રપત્તિ," "શરણાગતિ" પણ તેજ.

સાર એ નીકળ્યો કે–અત્ર પ્રપન્નનુ અભીષ્ઠ ફળ પરમાત્માજ છે. તે અનન્ય સાધ્ય શાથી? કોટી જન્મ કર્મ કરી કરી મરો, કોટી જન્મ સુધી જ્ઞાની બની રહો, લક્ષાવધિ જન્મસુધી ભકિત કરો, પરંતુ શું એ પરિશ્રમ પરમાત્માની પ્રાપ્તિ સરખો બની–ઠરી શકે છે? કદી નહિ એટલા માટેજ કર્મજ્ઞાન ભકિત. એ ત્રણ પણ પરમાત્માના મેળાપ–તેની પ્રાપ્તિનો સદશ ઉપાય થઇ શકતા નથી. આ કારણથીજ પરમાત્મારૂપ ફળ અનન્ય સાધ્ય છે. એ રીતે અન્ય ઉપાયોથી સાધ્ય નહિ થઇ શકનાર જે પોતાનુ અભીષ્ઠ ફળ–શ્રી હરિ–છે તેમનામાંજ મહા વિશ્વાસ એટલે–અવશ્ય મળશેજ–એવો દૃઢ ભરોંસો રાખીને તેજ એક શ્રીહરિનેજ ઉપાયપણાની–યાચના કરવી કે "હે પ્રભો! આપને મળવાનો આપજ ઉપાય બની જાઓ." એવી પ્રાર્થના કરવી તે પ્રપત્તિ. અથવા

" अहमस्म्यपराधाना–मालयोऽकिञ्चनोऽगतिः ।
त्वमेवोपायभूतामे भवेति प्रार्थना मतिः ॥
शरणागतिरित्युक्ता सा देवेऽस्मिन्प्रयुज्यताम् "

અનેક અપરાધોનો હુતો ભંડાર છઊં. અને અકિંચન છઊં તથા અગતિ અર્થાત્ કર્મ, જ્ઞાન, ભક્તિ આદિ ઉપાયોથી રહિત છઊં. મારે ખાતર આપની પ્રાપ્તિનો આપજ ઉપાય બનો. એવી પ્રાર્થનારૂપ જે મતિ તેનુ નામ શરણાગતિ. તે શરણાગત શ્રી હરિના ચરણ કમળમા કરવી જોઇએ. શ્રી ભગવાન્ પોતે આજ્ઞા કરે છે કે—

" आत्मनोदुर्दशापार्त्ति विमृश्य च गुणान्मम ।
मदेकोपायसम्पत्ति मां प्रपन्नो विमुच्यते ॥"

પોતાની દુર્દશાને જાએ અને મ્હારા ગુણોનો વિચાર કરે પછી મનેજ

ઊપાય માનીને મ્હારી શરણાગતિ કરે તો તે ચેતન સંસારથી વિમુક્ત થઇ જાય છે. વળી, કહ્યું છે કે:—

“ साधनं भगवत्प्राप्तौ स एवेति स्थितिर्हि या ।
साध्यभक्तिः स्मृता सैव प्रपत्तिरिति गीयते ॥

ભગવત્પ્રાપ્તીમાં સાધન ભગવાનજ છે. આ પ્રકારની સ્થીતિ તેનુજ નામ સાધ્યભક્તિ–પ્રપત્તિ પણ તેજ. દપ્તઆર્તરૂપ અધિકારી ભેદે તેના પણ બે પ્રકાર છે. તે કહીએ કે—

“ यस्य देहान्तरकृते शोको दृप्तः स उच्यते ।
यस्तु प्रारब्धदेहेऽपि शोचत्यार्त्त स उच्यते ॥ ”

જેને દેહાન્તર પ્રાપ્તિ સમ્બન્ધી ‘હે પ્રભો ' હવે અમને દેહાન્તર નહિ” એવો શોક થાય તે દપ્ત, જે અધિકારી પ્રારબ્ધ દેહ સારૂ પણ “હે પ્રભો ' આ વિરોધી દેહ ક્યારે છુટે અને આપની સેવા મળે” એ પ્રમાણે શોક કરે તે આર્તપ્રપત્તિવાળા છે. વસ્તુત. પ્રપત્તિના અધિકારી સર્વે વર્ણવાળા થઈ શકે છે. તેમાં પણ વિશેષ કરીને પ્રપત્તિના અધિકારી ત્રણ થઇ શકે છે તે એ કે અજ્ઞ–સર્વજ્ઞ અને ભક્ત

“ अज्ञ सर्वज्ञ भक्तानां प्रपत्तावधिकारिता ।
उपायान्तरविज्ञानाऽशक्तेरज्ञस्य युज्यते ॥
सदृशोपायवैधुर्यं साक्षाद्भगवतो विदन् ।
सर्वज्ञः शरणं याति योगमार्गपराङ्मुखः ॥
सर्वकालं प्रेमवशाद्भजन् भक्तोऽप्यनन्यधीः ।
उपायं वाऽप्युपेयं वा क्षमोऽन्यंनावलंबितुम् ॥ ”

તત્ર અજ્ઞને તો ઉપાયાંતર જાણવાની અશક્તિને લીધે અધિકારની યોગ્યતા છે. અને જે સર્વજ્ઞ છે તે કર્માદિકોમાંથી કોઈકને પણ ભગવત્પ્રાપ્તિ સદૃશ ઉપાય ન જોઇને કર્મયોગાદિથી વિમુખ થઇને પ્રપત્તિના અધિકારનો યોગ આવે છે. અને ભક્ત તો સર્વકાળમાં પ્રેમપરવશ થઇને અનન્ય બુદ્ધિથી સદા પ્રભુને ભજતો થકો અન્ય ઉપાય વા અન્ય ઉપેય (ફળ) નું અવલંબન કરવાને પણ મુદ્દલ સમર્થ હોતો નથી.

આ પ્રકારના અધિકારીએ પ્રપત્તિ એટલે ભગવત્ શરણાગતિ કરવાની ઇચ્છાથી સત્કુલોત્પન્ન—સદાચાર સમ્પન્ન—શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સદ્ગુરૂ સમીપે જઇને, તેમને અભિમત થઇને, શરણાગતિની પ્રાર્થના કરવી ઉચિત છે. સદાચાર્યે પણ શિષ્યની શ્રદ્ધા આસ્તિક્ય—વિશ્વાસ આદિ સદ્ગુણો જોઇને, શુભ મૂહુર્તમાં સ્વગૃહ્યોક્ત વિધાનથી તાપાદિ સંસ્કારપૂર્વક—શ્રી મહાલક્ષ્મીજીને પુરૂષકાર કરીને, તેમના દ્વારા, એ જીવને શ્રી હરિનાં ચરણાવિંન્દોમાં પ્રણામ કરાવીને સમર્પણ કરવો. અને એ પ્રકારે પ્રાર્થના કરવી કે.—

" नारायण ! दयासिन्धो ! वात्सल्यगुणसागर !
एनं रक्ष जगन्नाथ ! बहुजन्मापराधिनम् ॥

હે નારાયણ ! હે દયાના સમુદ્ર ! હે વાત્સલ્ય સાગર ! હે જગન્નાથ ! આ જગત્ મધ્યે અનેક જન્મોના અપરાધી આ ચેતન આજે આપના સન્મુખ થઇને શરણાગતિ કરે છે. હવે આપ આપની દયા અને વાત્સલ્ય સામુ જોઇને આની રક્ષા કરો.

એ રીતે પંચ સંસ્કાર સંપન્ન બનેલા શિષ્યને પછી ઉત્તર કાલક્ષેપની વૃત્તિનો ઉપદેશ કરવો. અને તે શિષ્યે પણ શ્રદ્ધાપૂર્વક અલભ્ય લાભની દૃષ્ટિથી જીવિત કાલપર્યંત તે ઉપદેશ પ્રમાણે ભગવત ભાગવત આચાર્ય કૈંકર્ય પરાયણ બન્યા રહેવુ. તેમ કૈંકર્ય પરાયણ રહ્યાથી એકજ જન્મનાં તેને ભગવદ્પ્રાપ્તિ થાય છે. કારણકે ભારદ્વાજ મહર્ષિએ તેનુ મહત્વ આહ્વુ કહ્યુ છેકે—

" आर्तानामाशु फलदा सकृदेव कृता ह्यसौ ।
दृप्तानामपि जन्तूनां देहान्तरनिवारिणी ॥

એકજવાર આ પ્રપત્તિ થયાથી આર્ત અધિકારીને તો શીઘ્રફળ દે છે. અર્થાત્ નિરંતર ભગવદનુભવના વિરોધી આ શરીરથી છોડાવીને અર્ચિરાદિ ગતિદ્વારા પરમ પદની તેને પ્રાપ્તી થાય છે. પરંતુ દૃપ્તને તો આ શરીરમા પ્રારબ્ધ કર્મના ભોગ—ભોગવાવીને પછી દેહાન્તર ન આવે એ રીતે શરીર છૂટતાં પરમપદ પ્રાપ્ત થાય છે.

આ પ્રપત્તિનો એક બીજો એ વિચિત્ર પ્રભાવ છે. તેના અધિકારીઓનાં ઉત્તરપાપો પૂર્વપાપોનોએ અશ્લેષ અને વિનાશ થાય છે. આ ચેતન જે સમયે શરણાગતિ કરે છે તે સમય સુધીનાં અનાદિ કાળથી જેટલા પાપો થયાં હોય તે સર્વ પૂર્વપાપો, અને તે સમય પછી જે પાપો થઇ ગયા હોય

તે ઉત્તર પાપો કહેવાય છે. પરમાત્મા પ્રાયશઃ ચેતન શરણાગતિ કરે છે તેજ સમયમાં તેનાં પૂર્વ પાપોનો તો નાશ કરી દે છે. કારણ કે આ પ્રપત્તિ અનાદિ કાળનાં અનંત પાપસમૂહના પ્રાયશ્ચિતરૂપ છે. ન્યાસતિલક નિબન્ધમાં કહ્યું છે કે—

" अनादेर्निःसीम्नो दुरितजलधेर्यां[illegible] ।
विदुः प्रायश्चित्तं यदुरघुधुरीणाशयविदः ॥ "

જે લોક ગીતાચાર્ય શ્રીકૃષ્ણચન્દ્ર અને શ્રીરાઘવેન્દ્રનો આશય જાણે છે તે લોક આ પ્રપત્તિને અનાદિકાળનાં નિ:સીમ પાપોનું પ્રાયશ્ચિત માને–સમજે છે. એ રીતે પ્રપન્નજનનાં પૂર્વપાપોનો વિનાશ થાય છે. તે તો પ્રમાદથી થઈ ગયાં–બુદ્ધિપૂર્વક થયા નથી. " થઇ ગયાં " જૂદી વાત છે. અને " કર્યા " એ બીજી વાત છે. અત્ર માફી થઈ ગએલાંની છે કર્યા કર્મની માફી નહિ.

" અધિકાર સંગ્રહ "મા આ વિષે સ્પષ્ટ નિર્ણય શ્રીમાન્ વેંકટનાથાર્ય–(વેદાન્ત દેશિક સ્વામીજી) કરે છે કે—

" प्रारब्धेतर पूर्वपापमखिलं प्रामादिकं चोत्तरं ।
न्यासेन क्षपयन्ननभ्युपगतप्रारब्धखण्डं च नः ॥
धीपूर्वोत्तरपाप्मनामजननाज्जातेऽपि तन्निष्कृतेः ।
कौटिल्येसति शिक्षयाऽप्यनघयन्क्रोडीकरोति प्रभुः "

અત્ર એક વાત વધુ જાણવા સરખી છે. તે એ કે મુમુક્ષુજનોનાં પાપો પેઠે પુણ્ય પણ મોક્ષમાં પ્રતિબન્ધક હોવાથી–પુણ્યને પણ " પાપ " સંજ્ઞા મળે છે. તેના ત્રણ પ્રકાર છે. સંચિત ક્રિયમાણ અને કરિષ્યમાણ–હમણાં કરી રહ્યા છીએ તે ક્રિયમાણ, ને હવે કરીશુ તે કરિષ્યમાણ. કરી ચૂક્યા તે સંચિત–હવે અનાદિ કાળના સંચિત પાપોમાંથી જે પાપોનાં ફળ લેવાને આ શરીર મળ્યું તે પાપોનું નામ પ્રારબ્ધ તેના બે પ્રકાર–અભ્યુપગત ને અન-ભ્યુપગત; અભ્યુપગત–જે ફળ ભોગવતા રહ્યા છીએ. અનભ્યુપગત–જે હવે ભોગવીશુ તે.

હવે નિર્ણયના શ્લોકનો અર્થ સમઝીયે. શ્રી પરમાત્મા આ ચેતને કરેલી પ્રપત્તિ અવલોકીને પ્રારબ્ધ સિવાયના જેટલાં સંચિત પાપ હોય છે તે બધાનો તથા પ્રમાદ વશ થઇ જનારા ઉત્તર પાપોનો–પ્રપત્તિ પછીના

ક્રિષ્યમાણુ પાપોનો અને અનભ્યુપગત પ્રારબ્ધનો પણુ નાશ પ્રભુ કરી દેછે. એટલે પ્રપન્ન જનને ભોગવી છૂટવા સારૂ અભ્યુપગત પ્રારબ્ધ માત્ર બાકી રહે છે. શરણુાગતિ કરતાં તે સમયેજ ચેતનનું આટલું કામ તો બની જાય છે. પછી આગળ-ઉત્તર કાળમાં મહા શ્રેષ્ઠ અધિકારીથી બુદ્ધિપૂર્વક તો કોઈ પાપ થનારૂંજ નહિ. પુણ્યનું ફળ સુખભોગ તે સારૂ પુનર્જન્મ આવે તેના ભયથી તે ન આવે એટલા સારૂ પુણ્યને પણુ "પાપ" સમઝીને તેવું પુણ્યે જે નથી કરતો તે સ્વયપાપ તો કેમજ કરશે ? કદાપિ પ્રકૃતિ સમ્બન્ધથી પુણ્ય કે પાપ જાણી બુઝીને થઇ જાય તો તેનુ પ્રાયશ્ચિત કરવુ જોઇએ. કદી તે અધિકારી કુટિલતા કરે. એટલે કે બુદ્ધિપૂર્વક પાપો કરે અને તેનું પ્રાયશ્ચિત્ત ન કરે તો તેને પ્રભુ શિક્ષાવડે-દંડ દઇને પણુ સ્વીકારી લે છે. ત્યાગી દેતા નથી.

"निक्षेपापरपर्यायो न्यासः पंचांग संयुतः"

નિક્ષેપ જેનું બીજું નામ ન્યાસ અર્થાત્ પ્રપત્તિ છે. તેનાં પાંચ અંગો છે તે આ પ્રમાણેઃ—

"आनुकूल्यस्य संकल्पः प्रातिकूल्यस्य वर्जनम् ।
रक्षिष्यतीति विश्वासो गोप्तृत्व वरणं तथा ॥
आत्मनिक्षेपकार्पण्ये षड्विधा शरणागतिः ।
अनयाच प्रपत्त्या मा-माकिञ्चिन्यैक पूर्वकम् ॥
मांमाधवमिति ज्ञात्वा संगच्छेच्छरणं नरः ।
एवं हि शरणं गच्छन् कृतकृत्यो भविष्यति ॥"

આનુકુલ્યનો સકલ્પ, પ્રાતિકૂલ્યનુ વર્જન, રક્ષાજ કરશે એવો વિશ્વાસ, રક્ષકત્વનો સ્વીકાર, આત્મ નિક્ષેપ, અને કૃપણુતા, આ છ પ્રકારની શરણુાગતિ છે. તેમા નિક્ષેપ અગી, ને બીજાં પાંચ તે અગ. ભગવાન્ આજ્ઞા કરે છે કે અકિંચનતાપૂર્વક મ્હને લક્ષ્મીપતિ જાણુીને આ પ્રપત્તિદ્વારા જે મ્હારે શરણે આવે છે તે કૃતકૃત્ય થાય છે.

લક્ષ્મીતંત્ર સહિતામાં આ અંગોનું સ્વરૂપ નિરૂપણ કહ્યું છે તે આ પ્રમાણે કે·—

"आनुकूल्यमिति प्रोक्तं सर्वभूतानुकूलता ॥
अंतः स्थितोऽयं सर्वेषां भूतानामिति निश्चयात् ॥

एतेन व्याप्तिविज्ञाना-त्मप्र[illegible]च वस्तुनः ॥
आनुकूल्यस्य संकल्पः [१] प्रातिकूल्यस्य वर्जनम्
हिंसाद्यपाय विरति-रुक्ता सर्वेषु जन्तुषु [२]
रक्षिष्य त्यनुकूलान्म इति या सुदृढा मतिः ॥
सविश्वासो भवेच्छक्र ! सर्वदुष्कृतनाशनः ॥ [३]
करुणावानपि व्यक्तं शक्तः स्वाम्यपि देहिनाम् ॥
अप्रार्थितो न गोपायेदिति तत्प्रार्थना मतिः ॥
गोपायिता भवेत्येवं गोप्तृत्ववरणं स्मृतम् ॥ [४]
तेन संरक्ष्यमाणस्य फले स्वाम्यवियुक्तता ॥
केशवार्पण पर्यन्ता ह्यात्मनिक्षेप उच्यते [५]
अंगसामग्र्य सम्पत्ते-रशक्तेश्चापि कर्मणाम् ॥
अधिकारस्य चाऽसिद्धे देशकालगुणक्षयात् ॥
उपाया नैव सिद्ध्यन्ति ह्यपाय बहुलास्तथा ॥
इति या गर्वहानिस्तद्दैन्यं कार्पण्य मुच्यते [६]

સર્વે ભૂતોમા શ્રીપ્રભુ વિરાજે છે એમ પ્રપત્તવ્ય વસ્તુ-પરમાત્માના નિશ્ચય જ્ઞાનથી સર્વભૂત પ્રાણીઓનું ભલુ ચહાવુ તેજ આનુકુલ્યનો સંકલ્પ.[૧]

સર્વે પ્રાણી માત્રને પોતાની તરફથી પીડા ન પહોંચે એવા વિચારથી પ્રાણીઓ પ્રત્યે બુરાઇ રોકવી તે પ્રાતિકૂલ્યનું વર્જન છે. [૨]

અમે અનુકુલ વર્ત્તન રાખનારાઓની અવસ્ય રક્ષા કરશેજ એવી જે દૃઢમતિ તે સર્વ દુષ્કૃતિનો નાશક વિશ્વાસ છે. [૩] પ્રભુ સર્વના સ્વામી છે અને કરૂણાવાન્ પણ છે તથાપિ પ્રાર્થના વગર રક્ષણ નહીં કરે એવી મતિથી —"હે પ્રભો ! આપ મ્હારા રક્ષક બનો" એવી પ્રાર્થનાની મતિ તે ગોપ્તૃત્વ વરણ [૪]. પરમાત્માના રક્ષણને પાત્ર આ ચેતનના ફળમા કેશવાર્પણ પર્યંત સ્વામીથી જૂદા રહેવુ ન માને—ન સહે-એટલે—આપેજ ઉપાયનો સ્વીકાર કરાવ્યો છે અને ફલ પણ આપજ છો. સ્વબલ યત્નથી કંઇજ બનનાર નથી. એવા વિચારથી આત્મસમર્પણ કરવાનું નામ આત્મનિક્ષેપ છે. [૫] કર્મોના અંગ સામગ્રી સંપત્તિ ન હોવાથી—શક્તિ ન હોવાથી—અધિકારની

સિદ્ધિ ન હોવાથી–દેશ કાલના ગુણોનો ક્ષય હોવાથી–વિઘ્નો અનેક બન્યાં રહ્યાથી ઉપાય સિદ્ધ થઇ શકતા નથી. એ પ્રકારે થનારી જે ગર્વહાનિ–દીનતા–તેનુ નામ કાર્પણ્ય છે. [૬]

પ્રપત્તિમા ઉપાયાંતરની અપેક્ષા નથી. અને તે સહન પણ થાય તેમ નથી. તે કહ્યું છે કે—

प्रपत्तेः क्वचिदप्येवं परापेक्षा न विद्यते ।
सा हि सर्वत्र सर्वेषां सर्वकाम फलप्रदा ॥
राक्षसानाम विश्रम्भा दाञ्जनेयस्य बन्धने ॥
यथा विगलिता सद्यो ह्यमोघाऽप्यस्त्रबन्धना ॥
तथा पुंसामविश्रम्भात्प्रपत्ति प्रच्युताभवेत् ॥
तस्माद्विश्रम्भ युक्तानां मुक्तिं दास्यति साऽचिरात् ॥

પ્રપત્તિને ક્યાંહી અન્યની અપેક્ષા નથી કારણકે તે સર્વત્ર સર્વને સર્વ ફળ દેનારી છે. હનુમાનજીના બન્ધન સમયે રાક્ષસોના અવિશ્વાસથી જેમ બ્રહ્માસ્ત્ર વિલગીત થઈ ગયુ તેમ પુરૂષોના અવિશ્વાસથી પ્રપત્તિ પણ–પ્રચ્યુત–ઢીલી–થઇ જાય છે. એટલે એમ સિદ્ધ થાય છે કે આ પ્રપત્તિ વિશ્વાસ રાખનારાઓનેજ શીઘ્ર મુક્તિપ્રદ છે.

બ્રહ્માસ્ત્ર પેઠે આ પ્રપત્તિનો પ્રયોગ પણ માત્ર એકજવાર કરવામાં આવે છે. તે વિષયમાં પણ શાસ્ત્ર કહે છે કે—

“ सकृदेवहि शास्त्रार्थः कृतोऽयं तारयेन्नरम् ।
उपायापायसंयोगे निष्ठया हीयतेऽनया ॥
अपाय सम्प्लवे सद्यः प्रायश्चित्तं समाचरेत् ॥
प्रायश्चित्तिरियं सात्र यत्पुनः शरणं व्रजेत् ॥
ज्ञात्वाऽप्यपाये पातित्यं यः करोति विमूढधीः ॥
भोग एवाहि तत्रस्या–न्निष्कृतिर्नाऽनयापि हि ॥

એકજ વાર કરેલ આ પ્રપ્રતિરૂપ શાસ્ત્રાર્થ મનુષ્યને તારી દે છે. પરંતુ ઉપાય એટલે પુણ્ય અને અપાય એટલે પાપ. તે મધ્યે ફસતાં બેઉના કે તેઓ માંહેના એકના સંયોગથી આ પ્રપ્રતિરૂપ નિષ્ઠાની હાની થઇ જાય છે. આ કારણથી પુણ્ય વા પાપ થઇ જાય કે તુરત તેનુ પ્રાયશ્ચિત કરવુ

તે કરવાનુ પણ સાવ સુલભ એજ કે પુનઃ શરણાગતિ કરી લેવી. તે એવી રીતે કે જે થઇ ગયુ તે સારૂ મહાનુતાપપૂર્વક દૃયાનુસન્ધાન કરી "ક્ષમસ્વ-પ્રભો!" એટલુ કહીને સાષ્ટાંગ કરવો. બસ એટલુ છે. પરંતુ પાપ કરવાથી પતિત થઇ જાઇશ એમ જાણ્યા છતાં સમજી બુઝીને જે પાપ કરે છે તેને પ્રાયશ્ચિત નથી. પરંતુ પાપફળ ભોગવવુંજ પડે છે. ઇત્યાદિ વચનોથી એજ નિશ્ચય થાય છે કે આહુવા અધિકારીએ પુણ્ય કે પાપ બુદ્ધિપૂર્વક કરવુ નહીં જોઇએ. કઇ પણ કર્યું કે તેને સારૂ પુનર્જન્મ તૈયાર ઉભો છે

આ ન્યાસવિદ્યાનિષ્ઠ એટલે પ્રપત્તિનિષ્ઠ પ્રયત્નને ઉચીત એજ છે કે સ્વહિતમા વ્યવસ્થીત રહેવું. ઉપાય ને અપાયનો ત્યાગ કરવો; ને મધ્યસ્થ સ્થિતિમાં ઉપસ્થિત રહીને "પ્રભુ અવશ્ય રક્ષાજ કરશે" એવા સુદૃઢ નિશ્ચયપૂર્વક આત્માને અને આત્મીય પદાર્થ માત્રને પ્રભુના ચરણ કમળમા સમર્પિત બસ કરી દેઇને દેવાધિદેવ શ્રીપતિ પુરૂષોત્તમને પોતાના રક્ષક જાણે

શ્રીજીના શ્રીમુખથી આટલો અર્થ શ્રવણ કરીને ઇન્દ્ર મહારાજે પ્રશ્ન કર્યો કે હે માતા! ઉપાય ને અપાય બેઉનો ત્યાગ કેવી રીતે બની શકે? કારણ કે

" स्वीकारे व्यतिरेके वा निषेध विधि शास्त्रयोः ॥
दृश्यते कर्मणो व्यक्त मुपायापाय रूपता ॥

વિધિનિષેધ શાસ્ત્રોક્ત કર્મો કરવાથી ઉપાય થઇ જાય છે. ત્યાગવાથી અપાયમા ગણના થશે. આ કારણથી આ બન્નેની મધ્યમા કેવી સ્થિતિ છે?

આ સાભળીને શ્રીજી બોલ્યાં કે—

" त्रिविधां पश्य देवेश ! कर्मणो गहनां गतिम् ॥
निषेधविधि शास्त्रेभ्यस्तां विधांत्वं निबोधमे ॥
अनर्थसाधकं किञ्चित् किञ्चिच्चाप्यर्थ साधकम् ॥
अनर्थ परिहाराय किञ्चित्कर्मोपदिश्यते ॥
त्रैराश्यं कर्मणामेवं विज्ञेयं शास्त्रचक्षुषा ॥
उपायापाय संज्ञौ तौ पूर्वराशी परित्यजेत् ॥
तृतीयो द्विविधो राशिरनर्थ परिहारकः॥
प्रायश्चित्तात्मकःकश्चिदुत्पन्नानर्थ नाशकः ॥

तथंग्रं नैव कुर्वीत मनीषी पूर्वराशिवत् ॥
क्रियमाणं न कस्मैचिद्यदर्थाय प्रकल्पते ॥
अक्रियावदनर्थाय तत्तुकर्म समाचरेत् ॥
एषा सा वैदिकी निष्ठा ह्यपायोपायमध्यमा ॥
अस्यां स्थितो जगन्नाथं प्रपद्येत जनार्दनम् ॥

હે દેવેશ! વિધિ નિષેધ શાસ્ત્રોથી કર્મોની ગહનગતિના ત્રણ પ્રકાર છે. અનર્થ સાધક, અર્થ સાધક અને અનર્થ પરિહાર.

અપાય હિંસા ચોરી આદિ તે પહેલો પ્રકાર અનર્થ સાધક; બીજો અર્થ સાધક તે કામ્ય કર્મ અને ચૈત્યાદિ સાંખ્ય યોગાદિ; આ બને પ્રકારનો પરિત્યાગ કરવો. હવે અનર્થ પરિહારમાં પાછા બે પ્રકાર–એક તો ભાવી–અનર્થ પરિહારક સન્ધ્યા તર્પણ અર્ચનાદિ; અને ઉત્પન્ન અનર્થનો નાશ કરનાર પ્રાયશ્ચિત્ત; આ બેમાં ભાવી અનર્થ પરિહારક કર્મનુ આચરણ કરે; અને પ્રાયશ્ચિત્તનો પરિત્યાગ કરે; જે કરવાથી કંઇ પણ અર્થ કે અનર્થ ન થાય અ-ક્રિયા પેઠે, કોઇ પ્રયોજન સર ન હોય એવાં અર્થાત્ જે ન કરે તો તે સારૂ પ્રત્યવાય લાગે તે નિત્ય નૈમિત્તિક કર્મનુ આચરણ કરે. આ અપાયો–પાયની મધ્યમા નિષ્ઠામાં રહીને શ્રી હરિની શરણાગતિ કરે.

પ્રપન્ને સ્વવર્ણાશ્રમ ધર્મને અનુગુણ વૈદિક આચારનો ત્યાગ કરવો ઉચીત છે કે તે પાળવો ઉચીત છે? આ વિષયમાં શ્રીજીની આ પ્રમાણે આજ્ઞા છે કે'—

“ अविप्लवाय धर्माणां पालनाय कुलस्यच ॥
सङ्ग्रहायच लोकस्य मर्यादा स्थापनायच ॥
प्रियाय मम विष्णोश्च देवदेवस्य शार्ङ्गिणः ॥
मनीषी वैदिकाचारं मनसाऽपि न लङ्घयेत् ॥
यथाहि वल्लभोराज्ञो नदींराज्ञा प्रवर्तिताम् ॥
लोकोपयोगिनीं रम्यां बहुशस्य विवर्द्धिनीम् ॥
लङ्घयञ्शूलमारोहे–दनपेक्षोऽपि तांमति ॥
एवं विलङ्घयन्मर्त्यो म .ादा वेद निर्मिताम् ॥

प्रियोऽपि न प्रियो मेऽसौ मदाज्ञा व्यतिवर्तना ॥
उपायत्व ग्रहं तत्र वर्जयन् मनसा सुधीः ॥
स्ववर्णाश्रम युक्तं तु देशकालानु रूपतः ॥
विशेष विहितं यच्च तत्कुर्याच्छ्रीपतेः प्रियम् ॥

ધર્મ હાની ન થવા પામે, કુળનું પાલન થાય, લોકસંગ્રહ અને મર્યાદાનુ પણ પાલન થાય. તે સારૂ તથા દેવ દેવ શ્રી હરિની તેમજ અમ્હારી પણ પ્રસન્નતા સારૂ બુદ્ધિમાન પુરૂષે મનથી પણ વૈદિક આચારનું ઉલ્લંઘન કરવું નહિ. કારણ કે રાજાનો માનકરી હોય તે છતાં પણ તે જો રાજાજ્ઞાથી પ્રવૃત્ત થએલી લોકોપયોગી ખેતીની સંવૃદ્ધી કરનારી રમ્ય નદીનુ નિરપેક્ષપણે પણ જો ઉલ્લંઘન કરે તો ભારે સીક્ષાને પાત્ર ઠરે છે એ પ્રમાણે અમ્હારો પ્રિય માનીતો થઇને પણ જો તે વેદમર્યાદાનુ ઉલ્લંઘન કરે છે તો તે પ્રિય મન્યા છતાં પ્રિય રહેતો નથી. કારણ કે અમ્હારી આજ્ઞાનુ તે ઉલ્લંઘન કરે છે. માટે દેશકાળને અનુસરીને અને સ્વવર્ણાશ્રમને ઉચીત તથા વિશિષ્ટ ધર્મ શાસ્ત્રોમાં જે શ્રી હરિના વિશેષ ધર્મો કહ્યા છે તેનુ આચરણ કરે અને બુદ્ધિમાન પુરૂષ તેમાંથી સ્વમનથીજ ઉપાયત્વ બુદ્ધિનો ત્યાગ કરે.

પ્રપન્નનો કાળક્ષેપ પ્રકાર શ્રીમન્નિગમાન્ત મહાદેશિક સ્વામીજી પણ રૂડે પ્રકારે એ રીતે કહે છે કે.—

" संतोषार्थं विमृशतिमुहुः सद्भिरध्यात्म विद्याम् ।
नित्यं ब्रूते निशमयतिच स्वादुसुव्याहृतानि ॥
अंगीकुर्वन्ननघललितां वृत्तिमादेहपातात् ॥
दृष्टादृष्ट स्वभर विगमे दत्तदृष्टिः प्रपन्नः ॥

માત્ર બેશી રહ્યાથી કાલ સુરીતે જતો નથી માટે પ્રપન્ને સંતોષ હેતુથી સત્પુરૂષો સાથે વેદાન્ત વિદ્યા અધ્યાત્મવિદ્યાનો વારંવાર વિમૃશ કરવો. આવા સાચા પ્રપન્ન તેમજ કરે છે અને વ્યાહૃત તથા સુવ્યાહૃતને છોડીને સ્વાદુ-સુવ્યાહૃત વચનોજ બોલે છે અને તેનુજ નિત્ય શ્રવણે કરે છે. વ્યાહૃત સુવ્યાહૃત એટલે કર્મ જ્ઞાન ઉપાયભક્તિની વાર્ત્તાઓ સમજવી. અને સ્વાદુ સુવ્યાહૃત એટલે કેવલ સાધ્ય ભક્તિ અને પ્રભુની લીલા સ્વરૂપ ગુણ કીર્તન કરવુ એમ અર્થ ગ્રહણ કરવાનો છે. આહ્વા શ્રેષ્ઠ અધિકારીની કથા શ્રવણ પણ એવાંજ હોવાં ઘટે છે. અને દેહપાત પર્યંત નિષ્પાપ અને લલિત વૃત્તિ ધારણ

કરી રાખતો દષ્ટ અદષ્ટરૂપ સ્વભરના વિગમમાં દત્તદષ્ટિ થઇને સાવધાન કાલ વ્યતિત કરે છે. અત્ર લલિતનો ભાવાર્થ અનિંદિત ગ્રહણ કેરાય છે, નિષ્પાપ હોવા છતાં વિરક્ત યુવાન પુરૂષાદિકને મુમુક્ષુ યુવતી આ એકાન્તમાં રહસ્યમાં ઉપદેશ ન કરે. કારણ કે લલિત નથી. પ્રપન્ને સ્વરૂપાનુરૂપ કૈંકર્યબુદ્ધિથી સર્વ કર્મ ભગવત્ સંતોષાર્થે કરતાં રહી પરમ દિવસની વાટ જોયા કરતો આયુઃક્ષેપ કરવો.

" प्रायशो पापकारित्वान्मृत्यो रुद्विजते जनः ॥
कृतकृत्याः प्रतीक्षन्ते मृत्युंप्रिय मिवातिथिम् ॥ "

પ્રાયશઃ પાપી હોવાથી મનુષ્ય મૃત્યુથી ઉદ્વેગ પામે છે. પણ કૃ... લોક તો મૃત્યુની, પ્રિય ? માન અતિથિ આવનાર હોય તેની વાટ જોઇએ તેની રીતે વાટ જોતા રહે છે.

શરણાગત જનને એટલુજ કરવાનુ કે જેમાં પ્રભુની કદાપિ અપ્રસન્નતા ન થાય, કારણ કે પચસંસ્કાર થયાથી તે ચેતન પ્રભુનો પરમ એકાન્તી બન્યો છે. માટે પોતાનો વેશ પણ શાસ્ત્રરૂપી ભગવદાજ્ઞાને અનુકુળજ ગ- ખવો યોગ્ય છે. જેઓ માત્ર પેટ ખાતર રાજસેવક બને છે તેમને પોતાની પાદરક્ષા—નામ જૂતે-બૂટ્સ પર્યન્તની સફાઈ રાખવી પડે છે. જાસ્તી ગડબડ તો કેવી રીતેજ નભી જાય? પછી પ્રભુના ખાસા બનવાની આશાથી જે પ્રભુના સેવક બને છે તેમણે તો અતર બહિર્-વૃત્તિ, વેશ, અવશ્ય શુદ્ધજ રાખવા ઉચિત છે. તે સારૂ વધુ કહેવુજ શા માટે પડે? માટીના પાત્રમા જળ હોય તો તે બહાર પણ આર્દ્ર હશે—હોય છેજ. કદિ બાહેર શુષ્ક કોઃ તો જાણવું કે તે ભીતર પણ કોરૂ જ છે. માટેજ સામ્પ્રદાયિક ચિન્હોની ભાગવતોને અતિ આવસ્યકતા છે.

શ્રીસંપ્રદાયમાં આવીને શ્રીજીનો ઉપદેશ પામીને આહ્વા પ્રપન્ન જનને એ સમજવું જોઇએ કે હવે આ શરીર અમારૂ છેલ્લુ શરીર છે. તેમાં પ્રભુની પ્રીતિ ન રહે એવો કોઇ વ્યાપાર-કર્મ ન બનવા પામે. તે સારૂજ શુભાશ્રય પ્રભુના શ્રીમંગળવિગ્રહનું ધ્યાન કરતો રહે. કારણ કે શાસ્ત્રોથી પણ એજ સિદ્ધ થયુ છે કે—

" आलोड्य सर्वशास्त्राणि विचार्यच पुनः पुनः ।
इदमेकं सुनिष्पन्नं ' ध्येयो नारायणः सदा ' ॥